**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 04-12-2024 સમય : સવારે 6.50 વાગ્યે**

---------------------------------------------------

## દિવ્યાંગ દિવસ-રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી ઉજવણી અને રાજ્યકક્ષાની ઉજવણી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે દિવ્યાંગ એવોર્ડ વિજેતાઓ માત્ર પ્રેરણાના કેન્દ્રો જ નથી પણ પ્રેરણાના સ્ત્રોત પણ છે. રાષ્ટ્રપતિએ નવી દિલ્હીમાં દિવ્યાંગ વ્યક્તિઓના આંતરરાષ્ટ્રીય દિવસ 2024ના અવસરે 33 ટકા વિકલાંગતા ધરાવતી અનુકરણીય વ્યક્તિઓ અને સંસ્થાઓને સશક્તિકરણ માટે રાષ્ટ્રીય પુરસ્કારો એનાયત કર્યા. રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના સંબોધનમાં કહ્યું કે આ એવોર્ડના વિજેતાઓ સમાજ માટે રોલ મોડલ બનીને ઉભરી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિવ્યાંગજનો માટે સુલભતા, સમાનતા અને તકો વધારવા સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. સુગમ્ય ભારત અભિયાનના નવ વર્ષ નિમિત્તે, શ્રી મોદીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પેરાલિમ્પિક્સમાં ભારતની સફળતાનો

ઉલ્લેખ કર્યો અને ટિપ્પણી કરી કે દિવ્યાંગ ભાઈઓ અને બહેનોના મજબૂત  મનોબળ અને સિદ્ધિઓએ સમગ્ર રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે.

ગાંધીનગર ખાતે "આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ"ની ઉજવણીમાં રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર-સચિવ મોહમ્મદ શહીદે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આગામી સમયમાં અંદાજે 21 હજાર જેટલી જગ્યાઓ પર ભરતી કરી દિવ્યાંગજનોને રોજગારી આપશે. હાલ રાજ્યમાં સાત હજાર જેટલી જગ્યાઓ પર દિવ્યાંગજનો સેવા આપી રહ્યા છે.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું કે, દિવ્યાંગજનોને ઉપયોગી થવાનું શ્રેષ્ઠ સેવા કાર્ય માત્ર એક દિવસ નહીં, પરંતુ હંમેશા ચલાવવું પડશે.

**RNU અમદાવાદ**

---

## માર્ગ પરિવહનમંત્રી નીતિન ગડકરીએ જૈવિક ઇંધણ પર ભાર મૂક્યો

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે ઇથેનોલ જેવા જૈવિક ઇંધણના ઉપયોગથી દેશનું પ્રદૂષણ સ્તર ઘટશે અને કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન મળશે. જૈવિક ઇંધણના વિકલ્પ તરીકે ઇથેનોલ અને મિથેનોલ જેવા બાયોફ્યુઅલના ઉપયોગ પર તેમણે ભાર

મૂક્યો છે. નવી દિલ્હીમાં ઉર્જા પરિવર્તન અને ટકાઉ માર્ગ પરિવહન પરના 18માં સમેલનને તેઓ સંબોધી રહ્યા હતા.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## રવિ કૃષિમહોત્સવ-2024

રાજ્યભરમાં છ અને સાત ડિસેમ્બરે “રવિ કૃષિ મહોત્સવ 2024”નું આયોજન કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિમંત્રી રાઘવજી પટેલ બનાસકાંઠાના દાંતીવાડા ખાતેથી આ મહોત્સવનો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, ‘રાજ્યભરના 246 તાલુકામાં યોજાનારા આ મહોત્સવમાં અઢી લાખથી વધુ ખેડૂતો ભાગ લેશે.

શ્રી પટેલે ઉમેર્યું કે, ‘આ મહોત્સવ થકી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો “લેબ ટૂ લેન્ડ” એટલે કે, “પ્રયોગશાળાથી જમીન”નો મંત્ર ચરિતાર્થ થયો છે. આ આયોજનથી ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકો તેમજ તજજ્ઞો વચ્ચેનું અંતર દૂર થયું છે.’

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## ઘોરાડ પક્ષી-નિષ્ણાત સમિતિ કચ્છના પ્રવાસે

લુપ્ત થઈ રહેલા ઘોરાડ પક્ષીના સંરક્ષણ અને સંવર્ધન માટે સર્વોચ્ચ અદાલતે રચેલી નિષ્ણાત સમિતિ ચાર દિવસના કચ્છના પ્રવાસે છે.

પશ્ચિમ કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, અબડાસામાં સ્થળ નિરીક્ષણ કર્યા બાદ આ સમિતિએ ભુજ કલેક્ટર કચેરી ખાતે ભાગીદારો સાથે બેઠક યોજી હતી. રાજ્યમાં એક માત્ર કચ્છમાં જોવા મળતાં ઘોરાડ પક્ષી મુદ્દે સર્વોચ્ચ અદાલતના નિર્દેશ બાદ આ સમિતિ મુલાકાતે આવી છે. હવે સમિતિ પોતાનોઅહેવાલ સર્વોચ્ચ અદાલતને સુપરત કરશે.

**RNU અમદાવાદ**

---

## ત્રીજા તબક્કાનો ખેલ મહાકુંભ

**રાજ્યમાં ત્રીજા તબક્કાનો ખેલ મહાકુંભ પાંચમી ડિસેમ્બરથી 31 માર્ચ, 2025 દરમિયાન યોજાશે.** રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ આ જાહેરાત કરતાં જણાવ્યું કે, આ ખેલ મહાકુંભ અંતર્ગત 39 રમતો, 32 ઓલિમ્પિક રમતો, 7 અન્ય રમતો, જ્યારે વિશેષ ખેલ મહાકુંભ અંતર્ગત 25 પેરા- રમતોનું આયોજન કરાશે. શ્રી સંઘવીએ ઉમેર્યું કે, નવા ફેરફારો, વિજેતા ખેલાડીઓને પુરસ્કાર તેમજ દિવ્યાંગ

**ખેલાડીઓ માટેનો વિશેષ ખેલ મહાકુંભ જેવી નવી બાબતો સાથે આ વર્ષે ખેલ મહાકુંભ યોજાશે.**

**RNU** અમદાવાદ

------------------------------------------------------------------------

## જિલ્લાકક્ષાનો આયુષ મેળો

જિલ્લાકક્ષાનો આયુષ મેળો આગામી 7 ડિસેમ્બરે અંજાર ખાતે યોજાશે. આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત દ્વારા સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજના સહકારથી યોજાનાર આ આયુષ મેળામાં નિ:શુલ્ક આયુર્વેદ/હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ, પ્રકૃતી પરીક્ષણ આયુર્વેદની પંચકર્મ, રક્તમોક્ષણ, જલૌકા વચારણ તથા અગ્નિકર્મ સારવાર, બાળકો માટે સુવર્ણપ્રાશન વગેરેનું આયોજન કરાયું છે. આ ઉપરાંત વનસ્પતિ પ્રદર્શન, વિવિધ આરોગ્યપ્રદ અને પૌષ્ટિક વાનગી પ્રદર્શન, યોગ નિદર્શન, આયુર્વેદની માહિતી આપતા પોસ્ટ-ફોટોગ્રાફ વીડિયો તથા પુસ્તકોના નિ:શુલ્ક પ્રદર્શન યોજાશે. તેમ જિલ્લ આયુર્વેદ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

માહિતી ખાતુ

------------------------------------------------------------------------

## સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલને પ્રિક્સવર્સેલ્સ એવોર્ડ

યુનેસ્કો ખાતે પ્રતિ વર્ષ જાહેર કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઇલ્સ (Prix Versailles) એવોર્ડ અંતર્ગત ભુજના આ સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને 2024ના વર્ષની શરૂઆતમાં વિશ્વના 7 સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન મળ્યું હતું. આ પ્રિક્સ વર્સેલ્સ એ વૈશ્વિક આર્કિટેક્ચર અને ડિઝાઇન એવોર્ડ છે અને વિવિધ શ્રેણીઓમાં અસાધારણ સિદ્ધિઓ માટે એનાયત કરવામાં આવે છે.

**N.P. કલ્પના શાહ**

-------------------------------------------------------------------